R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com

email:garvinavkranti @ yahoo.com

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

ESTD.YEAR- 19•ISSUE: 51 DATE: 19-12-2015•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( ) ના( )

If undelivered pl.return to સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## દિલ્હીના મુખ્યમંત્રીના મુખ્ય સચિવને ત્યાં સીબીઆઇના દરોડા : અરુણ જેટલીના રાજીનામાની કોગ્રેસે અને આપની માંગણી

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના મુખ્ય સચિવને ત્યાં સીબીઆઈના દરોડાના મામલે કોગ્રેસ અને આમ આદમી પાર્ટી કેન્દ્ર સામે આક્રમક મુડમાં આવી ગયા છે.તેમણે વળતો પ્રહાર કરીને નાણાંમંત્રી અરુણ જેટલીને નિશાન બનાવ્યા છે.અને કહ્યું છે કે જેટલી ૧૪ વર્ષ સુધી દિલ્હી અને જિલ્લા ક્રિકેટ એસોસીએશનના પ્રમુખ હતા તે દરમિયાન થયેલા ભ્રષ્ટાચારને લગતી ફાઈલો કબજે કરવા માટે દરોડા પાડવામાં આવ્યા છે. તેમણે જેટલીનું રાજીનામું માગ્યું છે. કોગ્રેસે આક્ષેપ કર્યો છે કે જેટલી દિલ્હી અને જિલ્લા ક્રિકેટ એસોસીએશન(ડીડીસીએ)ના પ્રમુખ તરીકે ૧૯૯૯ થી ૨૦૧૩ દરમિયાન હતા. ત્યારે તેમણે ભ્રષ્ટાચાર કર્યો હતો.

આમ આદમી પાર્ટીએ જેટલી પર પ્રહાર કરતાં કહ્યું છે કે જેટલીના કાર્યકાળમાં ડીડીસીએમાં થયેલી ગેરરીતી સબંધિત ફાઈલ અને કેજરીવાલના કેબિનેટના નિર્ણયોને લગતી ફાઈલો લેવા માટે જ સીબીઆઈએ દરોડા પાડ્યા છે.જો કે જેટલીએ આ તમામ આક્ષેપોને ફગાવી દીધા હતા.

## દસ્તાવેજો વગર પાકિસ્તાન-બાંગલાદેશી શરણાર્થીઓ ભારતમાં રહી શકશે

ગત વર્ષ ૩૧ ડિસેમ્બર કે તેની પહેલા ભારતમાં પ્રવેશ કરનારા પાકિસ્તાન અને બાંગલાદેશના લઘુમતી સમુદાયના શરણાર્થીઓ માનવીય આધાર પર કાયદેસર અને માન્ય પ્રવાસ અંગેના દસ્તાવેજો વિના પણ ભારતમાં રહી શકે છે.એક સવાલના લિખિત જવાબમાં ગૃહ રાજય મંત્રી કિરણ રજજુએ લોકસભામાં જણાવ્યું હતું કે સરકારે ૭ સપ્ટે.૨૦૧૫માં નોટીફીકેશનના આધારે બાંગલાદેશ અને પાકિસ્તાનના લઘુમતી સમુદાયો હિન્દુ, શીખ,બૌધ્ધ,જૈન,પારસી અને ખ્રિસ્તીઓને દેશમાં પાસપોર્ટ કે માન્ય પ્રવાસ દસ્તાવેજો વિના પણ રહેવાની અનુમતિ અપાઈ છે. જો કે તેઓ ૩૧ડિસેમ્બર,૨૦૧૪ કે તેની પહેલા ભારતમાં આવેલા હોય એ જરુરી છે.

સરકારના આ નિર્ણયને કારણે ઘણા બધા આ દેશોમાંથી અહીયા આવીને શરણાર્થી તરીકે વસવાટ કરે છે તેમના માટે સરકારે લાભદાયી નિર્ણય લીધો છે જે આવકાર્ય છે.

## વિદેશોમાં કાળુ નાણું સગે-વગે કરવામાં વિશ્વમાં ભારત ચોથા ક્રમે

વિદેશોમાં ભારતીયો દ્વારા લઈ જવાયેલ કાળુ નાણું પાછુ લાવવા સરકારે મોટા મોટા દાવાઓ કરેલા.પરંતુ જે કાગારોળ કરવામાં આવી હતી તેમાં હજુ સુધી કંઈ થઈ શક્યું નથી.ઈન્ફોસીસના પુર્વ ડિરેકટર ટી.વી.મોહનદાસ પાઈએ મોદી સરકારની કાળા નાંણાને પાછુ મેળવવાની રણનીતિને એક જોક સમાન હોવાનુ કહ્યું હતું.પાઈએ કહ્યું હતું કે આ મુદ્દે સરકાર પાસે ગુનેગારોને પકડવા અને તેઓને જેલમાં મોકલવા માટેની કોઈ નીતિ કાયદો કે ગુપ્ત તાકાત નથી.આ અંગે નરેન્દ્ર મોદી સરકારની મોટી નિષ્ફળતા હોવાનો દાવો કરતાં પાઈએ કહ્યું હતું કે લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે ઉત્તમ ઈન્ટેલીજન્સ અને પ્રોસિક્યુશન પ્રણાલીની આવશ્યકતા છે કેમકે હાલનો કાયદો નકામો છે.

જ્યારે અમેરિકન થિંક ટેકનો એક ચોંકાવનારો રિપોર્ટ મુજબ વર્ષ ૨૦૦૪ થી ૨૦૧૩ વચ્ચેના ગાળામાં કાળુ નાણું વિદેશમાં સગે-વગે કરવાના મામલે વિશ્વમાં ભારત ચોથા ક્રમે છે.ભારતમાંથી આ ગાળામાં દર વર્ષે સરેરાશ ૫૧ અબજ ડોલર(અંદાજે ૩૩૦૦ અબજ રુપીયા) વિદેશોમાં સગે-વગે થઈ ગયા છે.

વિકાસશીલ દેશો-ઈમેજીંગ ઈકોનોમી ગણાતા દેશોમાંથી વર્ષ ૨૦૧૩ માં ૧.૧ ટ્રીલીયન ડોલર જેવી જંગી રકમ ગેરકાયદેસર રીતે વિદેશોમાં સગે વગે કરી દેવાઈ હતી.કરચોરી કરીને,ગુનો કરીને ભ્રષ્ટાચાર કરીનો અનો અન્ય ગેરકાયદેસર પ્રવૃત્તિ કરીને નાણાં વિદેશોમાં સલામત રીતે મુકી દેવામાં આવે છે.વોશીંગ્ટન સ્થિત રીસર્ચ અને એડવાઈઝરી ઓર્ગેનાઈઝેશન ગ્લોબલ ફાઈનાન્સીય ઈન્ટીગ્રીટી ના આ રિપોર્ટ મુજબ ગેરકાયદે વિદેશોમાં નાણાં જમા કરાવનારા દેશોમાં ચીન ટોચના ક્રમે છે..ચીનમાંથી દર વર્ષે સરેરાશ ૧૩૯ અબજ ડોલર સગેવગે થાય છે. બીજા ક્રમે રશિયા ૧૦૪ અબજ ડોલર પ્રતિવર્ષ,ત્રીજા ક્રમે મેકસીકો ૫૨.૮ અબજ ડોલર છે.જીએફઆઈના અંદાજ મુજબ છેલ્લા એક દાયકામાં ભારતમાંથી ૫૧૦ અબજ ડોલર વિદેશોમાં જમા થયા છે.જ્યારે આ ગાળામાં ચીનમાંથી ૧.૩૯ ટ્રીલીયન ડોલર અને રશિયામાંથી ૧ ટ્રિલીયન ડોલર સગે વગે થયા હોવાનો અંદાજ છે.જીએફઆઈના પ્રમુખ રેમન્ડ બેકરે કહ્યુ હતું કે આ સ્ટડી પરથી સ્પષ્ટ થાય છે કે વિશ્વના વિકાસશીલ ઈમજીંગ દેશો માટે કાળુ નાણું એ અર્થતંત્ર સામેની સૌથી મોટી સમસ્યા છે. તેમણે કહ્યું કે સ્થાયી વિકાસના લક્ષાંક માટે સંયુક્ત રાષ્ટ્રને જંગી ફંડની જરુરીયાત છે.અને તે દિશામાં આ કાળુ નાણું મોટો અવરોધ છે.સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ અંતગર્ત વિકાસશીલ દેશોમાં ૨૦૩૦ સુધીમાં કાળુ નાણું વિદેશમાં સગે વગે કરવાની પ્રવૃત્તિ ઘટાડવી પડશે. પરંતુ આંતરરાષ્ટ્રીય સમુદાય હજી આ લક્ષાંક તેની ગણતરીના મામલે એકમત થયો નથી.

## ન્યાયતંત્ર જ્યાં સુધી સ્વતંત્ર છે ત્યાં સુધી ડર રાખવાની જરુર નથી : ચીફ જસ્ટીસ ટી.એસ.ઠાકુરે

દેશના નવા નિયુક્ત ચીફ જસ્ટીસ ટી.એસ.ઠાકુરે અસહિષ્ણુતા અંગેની ચર્ચાને રાજકીય મુદો ગણાવીને કહ્યું હતું કે જ્યાં સુધી ન્યાયતંત્ર સ્વતંત્ર છે તેમજ કાયદાનું શાસન છે ત્યાં સુધી કોઈએ ડરવાની જરુર નથી કે ચિંતા કરવાની જરુર નથી.

પત્રકારોની સાથેની એક અનૌપચારિક ચર્ચામાં ઠાકુરેએ કહ્યું હતુ કે જ્યાં સુધી અદાલતો અધિકાર અને ફરજનું પાલન કરતી રહેશે ત્યાં સુધી મને નથી લાગતું કે કોઈએ ડરવાની જરુર છે. તેમણે કહ્યું હતું કે હું એવા ઈન્સ્ટીટ્યુશનું સુકાન સંભાળું છું જે કાયદાનું શાસન સંભાળે છે.દરેક નાગરિકના અધિકારોનું રક્ષણ કરવામાં આવશે.મને લાગે છે કે આપણ તમામ વર્ગોના લોકોના અધિકારોનું રક્ષણ કરવામાં સક્ષમ છીએ. ઠાકુરેએ કહ્યું હતું કે અસહિષ્ણુતા એક ધારણાની બાબત છે.રાજકીય લોકો તેનો કેવો ઉપયોગ કરે છે તે અંગે હું કંઈ કહેવા માંગતો નથી.

## દિલ્હીમાં પ્રદુષણ રોકવા મહિનામાં વાહન ૧૫ દિવસ જ ચલાવી શકાશે

પ્રદુષણ નિયંત્રણ માટે દિલ્હીમાં ૧લી જાન્યુઆરી,૨૦૧૬થી એક દિવસ ઓડ(સમ) અને બીજા દિવસે ઈવન(વિષમ) નંબરો ધરાવતા વાહનોના પરિચાલનની એક નવી વ્યવસ્થા લાગુ કરવા કેજરીવાલની સરકારે નિર્ણય લીધો છે.તેનો અર્થ એ થયો કે મહિનામાં પંદર દિવસ જ કોઈ એક વાહન ચલાવી શકાશે. આ વ્યવસ્થા સીએનજીથી ચાલનારી બસો,ટેકસીઓ અને ઓટો રીક્ષા પર લાગુ પડશે નહીં.પરંતુ તે બહારથી દિલ્હીમાં પ્રવેશ કરતાં વાહનો પર લાગુ પડશે. આ નિર્ણય દિલ્હી રજીસ્ટર્ડ એવા લગભગ ૯૦ લાખ વાહનો પર લાગુ થશે.શહેરમાં દરરોજ દોઢ હજાર નવા વાહનો રજીસ્ટર્ડ થાય છે. આ વાહનોમાં કારની સંખ્યા લગભગ ૨૯ લાખ છે.

રાજ્ય સરકારે બદરપુરના કોલસા આધારિક એનટીપીસીના વીજળી ઘરને પણ બંધ કરવાનો નિર્ણય લીધો છે. સરકાર એક એપ પણ લોન્ચ કરશે જેના માધ્યમથી સામાન્ય જનતા પ્રદુષણ ફેલાવતા વાહનોની ફરિયાદ કરી શકશે.

## દિલ્હીમાં ભારે ડીઝલ વાહનોના રજીસ્ટ્રેશન પર પ્રતિબંધ લદાયો

સુપ્રીમ કોર્ટ દ્વારા ૨૦૦૦ સીસીથી વધુ ક્ષમતાના એન્જીન ધરાવત એસયુવી અને કાકર સહિતના વાહનોના રજીસ્ટ્રેશન પર પ્રતિબંધ મુકી દીધો છે.પ્રતિબંધ ૩૧ માર્ચ સુધી રહેશે.ચીફ જસ્ટીસ ઠાકુરના વડપણ હેઠળની બેન્ચે અન્યત્ર જતાં કોમરશીયલ વાહનો દિલ્હીમાં પ્રવેશ પર નિયંત્રણનો આદેશ કર્યો છે.ઉપરાંત દિલ્હીમાં પ્રવેશતાં હળવા અને ભારે ટ્રક પર પર્યાવરણ વળતર ચાર્જ ૧૦૦ ટકા વધારવાનો પણ આદેશ કર્યો છે.બેન્ચમાં અન્ય જજ એ.કે.સીકરી અને આર.ભાનુશાળી છે. બેન્ચે સ્પષ્ટ કર્યું કે ૨૦૦૫ પહેલા રજીસ્ટ્રેશન થયું હશે તેવા કોમરશીયલ વાહનોને દિલ્હીમાં પ્રવેશવા નહીં દેવાય

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

વિકાસ મંત્ર તરફ ગતિ કરવાનો પ્રયાસ કેન્દ્ર સરકાર તરફથી કરાય તેના કરતાં બીજી અનેક અવરોધક બાબતો તરફ તેમનો ઝુકાવ વધારે છે.રાજકીય વેરભાવના,રાજકીય તોડફોડ,દરોડા વિગેરેમાંથી સરકારને નવરાશ મળતી નથી. ત્યાં અસહિષ્ણુતાના મુદ્દે સરકારને દેશમાં ચારેકોરથી વિદ્વાનો,લેખકો,કલાકારો અને વિજ્ઞાનીઓએ ઘેરી લીધી છે.આર્થિક મોરચે સદંતર નિષ્ફળ ગયેલી સરકાર અર્થતંત્રને પાટે ચડાવવા પ્રયત્ન કરે છે કે કેમ એ પણ શંકાના પરિઘમાં છે. રુપિયો ડોલરની સામે તુટીને રુપીયા ૬૭ની નીચે પહોચ્યો છે.

ચુંટણીમાં સાથી મિત્રોએ અને તેમના સહચાલકોએ કેન્દ્ર સરકારની ગાડીની ગતિને અટકાવી દીધી છે. ભાવો બેફામ વધી ગયા છે.અચ્છે દિનનું સપનું દેખાડનારા હવે નવો ભરોસો આપવામાં પણ પ્રજા સમક્ષ જઇ શકે તેવી સ્થિતિ રહી નથી.માત્ર પ્રજાને હવે પોતાની ગાડી પાટા પરથી ઉતરી ના જાય તે જોવાની ફિકર કરવાની છે.

આખા દેશમાં પોતાનો અશ્વમેઘનો ઘોડો દોડાવીને આધિપત્ય જમાવવાની હોડમાં અપનાવવામાં આવતી રીતો લોકશાહી રીતે યોગ્ય નથી.હાલમાં અરુણાચલમાં જે કંઇ બન્યું છે તેમાં સરકાર તો માત્ર નિમિત્ત છે પરંતુ સરકારને ચલાવનાર ચાલક બળને પુર્વના રાજ્યોમાં પોતાનો કક્કો જમાવવાનો પ્રયત્ન કરવો છે તેના પરિણામે તેઓ ગમે તે હદે જઇ સત્તા પલટો કરી શકે તે માટેનું આયોજન થયુ હોય તેવું દેખાય રહ્યું છે.

ખેર,જો આમ ભાજપની સામે બન્યું હોત તો તેમણે તેમની શું પ્રતિક્રિયા આપી હોત તે સહુ કોઇ જાણે છે.આજકાલ સંસદમાં બની રહ્યું છે તે તો માત્ર ભાજપે ભુતકાળમાં કરેલું તેની પ્રતિક્રિયા છે. જ્યારે તેઓ આવું કરતા હતા ત્યારે તેમની દેશદાઝ અને નીતિમત્તાની વાતો અત્યારે જે તેઓ કરે છે તે તેમને તે વખતે દેખાતી નહોતી.ખેર, રાજકારણ આમજ ચાલે, પરંતુ તે સાચું નથી.

★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

અનુ પાન નં ૨ કોલમ ૫ નુ ચાલુ

રાખજો.પ્રભુ, પ્રિય વાચકમિત્રો, સહેજ પણ અતિશયોક્તિ વગરની આ સત્ય ઘટનાઓ છે.જ્યારે આપણી અપેક્ષાઓ આપણી યોગ્યતા સાથે, આપણી પાત્રતા સાથે સુસંગત ન હોય ત્યારે અપેક્ષા પુર્ણ કરવા જાતને વેચી દેવી પડે છે.પરિણામ, અપેક્ષા સંતોષાય પછી પણ કાયમ દુઃખી રહેવાનું. અપેક્ષાઓ રચવાનો અર્થ જ એ છે કે તેને પુર્ણ કરનાર વ્યક્તિની શરણાગતિ સ્વીકારવી, તેમને તાબે થવું અને તેમને ખુશ રાખવા.ફિલ્મમાં રોલ મેળવવાની અપેક્ષા, ધારાસભા કે સંસદની ટીકીટ મેળવવાની અપેક્ષા, વડાપ્રધાન બનાવાની અપેક્ષા, આ બધી અપેક્ષાઓ માણસને કેટલી હદે સમાધાનો કરવા મજબુર કરે છે.આપણા સૌના અનુભવનો અને અવલોકનનો વિષય છે.

અપેક્ષાઓ રચીને દુઃખી થવાથી બચવાનો એક જ ઉપાય છે . જે પ્રાપ્ત કરવાની અને જેને પ્રાપ્ત કરવાની આપણાંમાં કાબેલિયત છે એ પ્રાપ્ત થાય તે માટે ઇમાનદારી પુર્વક પુરી નિષ્ઠાથી પ્રયત્નો કરવા. દંભ આચરીને કે કુપાત્રોની ખુશામદ કરીને કંઇ જ મેળવવાની અપેક્ષા ન રાખવી. જો અપેક્ષાઓ આપણી ક્ષમતાઓને સુસંગત હશે તો આપમેળે ફળિભુત થશે. આપણે તેને સેવવાની જરુર નથી.

લેખક : વિશ્વામિત્ર (સૌ.સંદેશ)

# દેશમાં ભેળસેળનું પ્રમાણ મોટા પ્રમાણમાં વધી રહ્યું છેઃ ફુડ સેફટી સ્ટાન્ડર્સ ઓથોરીટી ઓફ ઇન્ડીયા નો રીપોર્ટ

સમગ્ર દેશમાં ભેળસેળીયા અને બ્રાન્ડ વગરની ચીજ વસ્તુઓનું દુષણ કેટલી હદે વધી ગયું છે કે જાહેર ફુડ સેફટી લેબ્સમાં ચકાસવામાં આવતી ફુડ પ્રોડકસમાં દરેક પાંચમાંથી એક નમુનો ખાવાને લાયક નથી નીકળ્યો.એ પદાર્થો ભેળસેળયુક્ત અને કંપનીના દાવાથી વિપરીત માલુમ પડ્યા છે.આવી પ્રોડકટ ધરાવતાં રાજ્યોમાં ઉત્તર પ્રદેશ સૌથી ટોચના ક્રમે છે.અને ગુજરાત ચોથા સ્થાને છે.

ફુડ સેફટી સ્ટાન્ડર્સ ઓથોરીટી ઓફ ઇન્ડીયા(એફએસએસએઆઈ) દ્વારા જારી જાહેર લેબોરેટરીઝના ટેસ્ટીંગ રીપોર્ટ મુજબ ૨૭૯૫ કેસોમાં રૂા.૧૦.૯૩ કકરોડથી વધુનો દંડ ફટકારવામાં આવ્યો છે.આ વર્ષમાં અત્યાર સુધીમાં ૧૪૦૨ કેસોમાં ગુનેગારોને દોષિત જાહેર કરાયા છે.

રાજ્ય સરકારો દ્વારા આપવામાં આવેલ રિપોર્ટ મુજબ ફુડ સેફટી લેબ્સને કુલ ૮૩૨૬૫ નમુના આપવામાં આવ્યા હતા.તેમાંથી ૨૪ નવેમ્બર,૨૦૧૫ સુધી કુલ૭૪,૦૧૦ નમુના ચકાસવામાં આવ્યા હતા.ચકાસવામાં આવેલા નમુનામાંથી લેબોરેટરીઝને ૧૪,૫૯૯ નમુના ભેળસેળીયા અને બ્રાંડ વગરના જણાયા હતા.ઉત્તર પ્રદેશમાં સૌથી વધુ ૪૧૯૯ નમુના ભેળસેળીયા અને કંપનીના દાવા કરતાં જુદા હતા.એ

પછીના ક્રમે પંજાબ(૧૪૫૮) મધ્યપ્રદેશ (૧૪૧૨) ,ગુજરાત (૧૨૪૩) ,મહારાષ્ટ્ર (૧૧૬૨) ,અને તામીલનાડુ (૧૦૪૭) હતું.ઉત્તર પ્રદેશમાં સૌથી વધુ રૂા. ૫.૯૮ કરોડનો દંડ ફટકારવામાં આવ્યો હતો.

ભેળસેળના મામલે ૨૬૭૬ ક્રિમિનલ કેસો અને ૭૮૬૦ સિવિલ કેસો નોધાયા હતા.જેમાંથી ૧૪૦૨ કેસોમાં દોષિતો જાહેર થયા હતા તેમ રિપોર્ટમાં ઉમેરાયું છે.આ વર્ષે જુનમાં મેગી પર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ ફુડની ગુણવત્તા અને એફએસએસએઆઇને લગતા મુદ્દાઓ પ્રકાશમાં આવ્યા હતા.હાલમાં કેન્દ્ર સરકાર એફએસએસએઆઇ તેમજ રાજ્યોની આવી લેબોરેટીઝને મજબુત બનાવવા માટે રૂા.૧૭૫૦ કરોડની ફાળવણી કરી છે.

# અચ્છે દિનની અપેક્ષા ના રાખીએ, અપેક્ષા રાખીએ તો દુઃખી થવું પડે ને ?

આપણા જીવનમાં ઘણાખરા પ્રશ્નો આપણે સ્વંય સર્જેલા હોય છે.દુઃખી દેખાતા માણસના દુઃખનું કારણ તપાસવાથી ત્રણ અક્ષરનો એક શબ્દ તમારા હાથમાં આવશે ,અપેક્ષા. માણસ જીંદગીભર અપેક્ષાઓ વચ્ચે જીવે છે. એક યુની.ના કુલપતિને એમના નિકટતમ મિત્રએ પુછ્યુ , યાર આજકાલ તારા ચહેરા પર વ્યગ્રતાના ભાવો કેમ વર્તાય છે ? તું દુઃખી કેમ છે ? સાહેબનો ઉત્તર સાંભળો : હવે મારી ટર્મ પુરી થવાની. બીજું સત્ર મળે તે માટે ભરપુર કોશિશ કરુ છું.બધાને ખુશ રાખું છું. સૌના ચરણસ્પર્શ કરી ચુક્યો છું. પરંતુ મારુ સમ્રાટપદ લંબાય એવા કોઇ એંધાણ વર્તાતા નથી.અમેરિકાનો પ્રેસિડેન્ટ પોતાની ટર્મ પુરી થાય એટલે ફરીથી યુની.માં પ્રોફેસર બની જશે. ભારતના કુલપતિને રજવાડું છોડ્યા પછી પોતાની કોલેજમાં પ્રોફેસર તરીકે પુન : જોડાવવાનું મંજુર નથી. જીંદગી પોતાની રીતે વહેતી રહે છે.આપણને શુ મળશે અને શું નહી મળે એ નક્કી કરનારા પરિબળો અનેક છે.કર્મ કર્યા પછી ફળની અપેક્ષા ન રાખવાની સલાહ ભગવદ ગીતામાંથી આપણને મળેલી છે.છતાં પ્રત્યેક માણસ જાણ્યે-અજાણ્યે અપેક્ષાઓ રાખીને દુઃખી થતો રહે છે. અમેરિકામાં નુતન વર્ષની સાંજે મંદિરમાં દર્શન કર્યા પછી એક વરિષ્ઠ નાગરિકે મને જયશ્રી કૃષ્ણ કહીને પોતાની વેદના ઠાલવવાનું શરુ કર્યું.ત્રણ મહિનાના પરિચય પછી અમારી વચ્ચે થોડીક આત્મીયતા બંધાઇ હતી. એટલે મારી સમક્ષ હૈયું ખોલવામાં એમને સંકોચ નહોતો થયો.એમણે કહ્યું : સાહેબ, જમાનો બદલાઇ ગયો છે. માણસોમાં નમ્રતા,વિવેક,શિષ્ટાચાર જેવું કંઇ રહ્યું નથી.મારો દિકરો પત્ની અને બાળકો સાથે અમદાવાદમાં રહે છે.નુતનવર્ષનો પહેલો દિવસ પુરો થઇ ગયો છતાં જયશ્રીકૃષ્ણ કહેવા પુરતો કે આર્શીવાદ માંગવા માટે એનો ફોન ન આવ્યો. મે એમને એકજ વાત કરી, અપેક્ષા રાખો તો દુઃખી થવું પડેને ? એમને કે પુત્રવધુને તમારા આર્શીવાદની જરુર નથી એમ સમજીને વાતને ભુલી જાઓ.હૃદયની ઉદારતા દાખવીને તમે સામેથી ફોન કરીને શુભેચ્છાઓ પાઠવો તો સારુ લાગશે.

અપેક્ષા ન સંતોષાવાથી દુઃખી રહેનારાઓની લાંબી યાદી છે.કોની કોની વાતો કરુ ?શાળા પ્રશાસનના કક્કો બારાખડી જેમને નથી આવડતા એવા એક મહિલા આચાર્ય શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ મેળવવા પાંચ વર્ષથી પોતાની ફાઇલ મુકતા હતા. અને અપેક્ષા ન સંતોષાવાથી દુઃખી થતા હતા. છેવટે એમના સંપર્કો કામ કરી ગયા એમને એવોર્ડ મળી ગયો.અખબારમાં ફોટો છપાઇ ગયો. ઘર ભરાઇ જાય એટલા પુષ્પગુચ્છો ઉઘરાવી લીધા. હું ઇન્ડીયા આવ્યો પછી નુતન વર્ષ નિમિત્તે મળવા આવ્યા તો દુઃખી હતા. મે વિવેકપુર્ણ પુછી લીધું, બહેન વિષાદયોગ ચાલે છે ?શું કારણ છે ? એમનો ઉત્તર સાંભળો : મે રાષ્ટ્રીય કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ મુકવા માટે ફાઇલ મુકી હતી. લાગવગથી એ એવોર્ડ બીજાને મળી ગયો.... આપણને દુઃખ તો થાય ને..સાહેબ. એક કૌભાંડીશાસ્ત્રી બી.એડ. સ્વનિર્ભર કોલેજના લાચાર, પુરતો પગાર ન મળવાથી ભુખે મરી રહેલા આચાર્યને કહેતા સંભળાયા : આ વર્ષે પણ તમે મને કોલેજમાં વ્યાખ્યાન આપવા ન બોલાવ્યો. હું ખુબ દુઃખી છું અને તમારાથી નારાજ છું.

અપક્ષા રાખનાર માણસોએ ઇતિહાસમાંથી બોધ ગ્રહણ કરવાની જરુર છે.મશહુર ફિલ્મ કલાકારો રાજેશ ખન્ના અને દેવાનંદ એક જ કારણથી દુઃખી રહેતા અને એમના અંતિમ વર્ષો ખુબ પીડાજનક રહ્યા.એમની અપેક્ષા શી હતી ? અમારો સુર્ય મધ્યાહ્નને તપતો હતો ત્યારે સિનેરસીકો અમારી પાછળ પાગલ હતા.અમે ઉડત પક્ષીઓને અમારી નજરના એક ઇશારે અમારા ચરણોમાં હાજર કરી દેતા હતા.ક્યાં વહી ગયા એ દિવસો ? વિતેલા વર્ષોને ફરીથી જીવવાની એમની અપેક્ષાઓએ એમને શાંતિથી મરવા યે ન દીધા.

માણસ જ્યારે અપેક્ષાઓ રચે છે ત્યારે જીવનમાં દંભ પ્રવેશે છે.અપેક્ષા સંતોષાય તે માટેના પેતરા રચાય છે.નોકરી મેળવવા માટે, બઢતી પામવા માટે,રાજ્યકક્ષાની સ્પર્ધામાં પ્રથમ આવવા માટે,યુની. પરિક્ષામાં ગોલ્ડ મેડલ મેળવવા માટે, કે ડોકટરેટ ડીગ્રી ધારણ કરવા માટે માણસ બધું જ સર્મપિત કરવા તૈયાર થઇ જાય છે.આખેઆખો માણસ જીવતો વેચાઇ જાય છે.કારણકે અપેક્ષાઓને સંતોષવાની છે. એક પ્રોફેસર યુની.માંથી નિવૃતથયા તેના ત્રણ વર્ષ પુર્વે એક અપેક્ષા રચીને બેઠા હતા. કોઇ લેભાગુ સંસ્થામાં નિયામક બનીને બેસી જવું.પછી તો સ્વનિર્ભર સંસ્થાના માલિકની કદમબોશી શરુ થઇ.સાહેબ, આપ તો વિદ્યા જગતના ભગવાન છો. દેવતા છો.પુણ્યશાળી જીંદગી બનાવી રહ્યા છો.અધ્યાપકોના અન્નદાતા છો(પંદર હજાર આપીને પીસ્તાલીસ હજાર પર સહી લેનારા તો અન્નદાતા જ કહેવાય ને )સર, આ નાચીઝ બંદાનું પણ ધ્યાન

અનુ. પાન નં. ૨ (કોલમ ૧-૨)

# અરુણાચલમાં રાજકીય સંકટ ગહેરાયુ , વિધાનસભા સીલ,કેન્દ્ર સરકારની દખલગીરીનો કોગ્રેસનો આક્ષેપ

અરુણાચલ પ્રદેશમાં ગંભીર રાજકીય અને બંધારણીય કટોકટી સર્જાઇ છે.વિધાનસભાના સ્પીકર નબામ રેબીયા સામે બળવાખોર કોગ્રેસી ધારાસભ્યોએ ભાજપના સભ્યો સાથે મળીને મહાભિયોગનો પ્રસ્તાવ રજુ કર્યો છે.કુલ ૩૩ સભ્યોએ આ પ્રસ્તાવ પર સહી કરી છે. જેમાં ૨૦ બળવાખોર કોગ્રેસીઓ,૧૧ ભાજપી સભ્યો અને ૨ અપક્ષોનો સમાવેશ થાય છે.મુખ્યમંત્રી નબામ તુકી સહિતના ૨૭ સભ્યો, મંત્રી મંડળ તેમજ કોગ્રેસના અન્ય ૧૬ સભ્યો આ મતદાનમાં ગેરહાજર રહ્યા હતા.

જો કે અરુણાચલના મુદ્દે સંસદમાં ભારે ગરમી જોવા મળી હતી.રાજ્યસભા અને લોકસભાની કામગીરી શરુ થતાંની સાથે જ કોગ્રેસ,ટીએમસી,અને અન્ય વિપક્ષોએ દિલ્હીના મુખ્ય સચિવને ત્યાં સીબીઆઇએ પાડેલ દરોડા અંગે વિરોધ વ્યક્ત કર્યો હતો.બીજી તરફ કોગ્રેસી સાંસદોએ અરુણાચલ પ્રદેશનો મુદ્દો ઉઠાવ્યો હતો. આ મુદ્દે એટલો હોબાળો થયો કે પાંચ વખત રાજ્યસભાની કામગીરી રોકવામાં આવી હતી.

કોગ્રેસે જણાવ્યું કે અરુણાચલના રાજ્યપાલ કેન્દ્ર સરકારના ઇશારે કામ કરી રહ્યા છે.તેમણે અરુણાચલની વિધાનસભા સીલ કરીને બંધારણની વિરુધ્ધનુ કામ કર્યુ છે.પોતાનો એજન્ડા ઠોકી બેસાડતા આ રાજ્યપાલને પદભ્રષ્ટ કરવા જોઇએ.કોગ્રેસે આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે હાલમાં અરુણાચલમાં જે કંઇ પણ થઇ રહ્યું છે તે બંધારણ અને કાયદાની વિરુધ્ધમાં છે.કેન્દ્ર સરકારના ઇશારે રાજ્યપાલો બિનભાજપી રાજ્ય સરકારોને અસ્થિર કરવા પ્રયાસ કરી રહ્યા છે.

કોગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધી,તથા કોગ્રેસના અન્ય આગેવાનોએ અરુણાચલના મુદ્દે રાષ્ટ્રપતિની મુલાકાત કરી હતી. અને તેમને ફરિયાદ કરી હતી કે કેન્દ્ર સરકારના ઇશારે રાજ્યપાલ દ્વારા અરુણાચલ વિધાનસભાને સીલ કરવામાં આવી છે.જે પણ થઇ રહ્યું છે તે બધું જ પુર્વનિયોજીત છે.તેમણે પત્રકારો સાથે વાતચીત કરતાં કહ્યું હતુ કે એ વાત ખુબ જ સ્પષ્ટ છે કે ભાજપ દ્વારા જ કોગ્રેસના કેટલાક ધારાસભ્યોને લલચાવીને કોગ્રેસની સરકાર તોડી પાડવાનો પ્રયાસ થયો છે.અરુણાચલના રાજ્યપાલ દ્વારા જે કામગીરી કરવામાં આવી છે તે બંધારણીય કટોકટી સમાન છે. આવી તાનાશાહી કોઇપણ રીતે સાંખી લેવાય નહીં.બીજી તરફ આસામના મુખ્યમંત્રી તરુણ ગોગાઇએ કેન્દ્ર પર આક્ષેપ મુકતા કહ્યું કે મોટાભાગના રાજ્યભવનોમાં સંઘના જ એજન્ટો કામ કરે છે.કેન્દ્ર સરકાર દ્વારા સંઘના એજન્ટોને જ રાજ્યોમાં રાજ્યપાલ પદે બેસાડી દેવામાં આવ્યા છે.

## નેશનલ હેરાલ્ડ કેસમાં મોટો રાજકીય હંગામો કરવા કોગ્રેસની તૈયારી

નેશનલ હેરાલ્ડ કેસમાં કોગ્રેસની વ્યુ રચનામાં બહાર આવેલ સમાચારો મુજબ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી આ મામલામાં જામીન અરજી નહીં કરે.અને જો જેલમાં જવું પડે તો તે માટે તેમણે તૈયારી કરી લીધી છે.જો કે આ અહેવાલોને પુરતુ સમર્થન મળતું નથી.પરંતુ કોગ્રેસી નેતાઓ કોર્ટમાં હાજર થાય ત્યારે મોટો રાજકીય હંગામો ઉભો કરી જનતા સમક્ષ રાજકીય ભાવનાની બાબત લઇ જવા કવાયત હાથ ધરવામાં આવશે તેવું મનાઇ રહ્યું છે.જો કે કોગ્રેસી વકીલોનું માનવું છે કે આ મામલે તેઓની જીત થશે.




ભારતના વિવધ વિસ્તારોમાં ખ્રિસ્તી લઘુમતીઓ પર થઇ રહેલા હિંસક બનાવોને લઇને તેનો વિરોધ કરવા માટે ખ્રિસ્તી સમાજના લોકોનું એક વિરોધ પ્રદર્શન યોજાયું હતું જેમાં સરકારને લઘુમતીઓનું રક્ષણ કરવા માટે આવેદન આપવામાં આવ્યું હતું.


**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭



**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386


# બીફ ખાવાથી કોઇ વ્યક્તિ લઘુમતી સમુહની બની જતી નથી :મહારાષ્ટ્ર સરકારની કોર્ટમાં દલીલ

બીફ પર પ્રતિબંધના કેસમાં મહારાષ્ટ્ર સરકારે બોમ્બે હાઇકોર્ટમાં નોધાવેલી એફિડેવીટમાં જણાવ્યું છે કે કેવળ બીફ ખાવાથી કોઇ વ્યક્તિ લઘુમતી સમુહની બની જતી નથી.માત્ર કોઇ સમુહના લોકોની ખાવાની ટેવ તેઓને ‘કલ્ચરલ માઇનોરીટી’ (સાંસ્કૃતિક લઘુમતી)નો દરજ્જો મેળવવા લાયકાતપાત્ર બનાવી શકે નહીં.

સરકારે એફીડેવીટમાં જણાવ્યું છે કે આ તર્ક આગળ ધરીને કોઇ સમુહ બંધારણની કલમ ૨૯ હેઠળ લઘુમતિઓના હિતોના રક્ષણ માટે અધિકારપાત્ર બની જતા નથી.મહારાષ્ટ્રમાં બીફ પર પ્રતિબંધ વિરુધ્ધ દલીલોની બોમ્બે હાઇકોર્ટે સુનાવણી કરી રહી છે.મુંબઇમાં અમુક લોકોના એક સમુહ પોતાના અધિકારોની સુરક્ષાના મુદ્દે અરજી નોધાવી છે.અને તેમાં બીફ ખાતા હોવાથી તેઓ કલ્ચરલ માઇનોરીટી હોવાની દલીલ કરી છે.

અરજદારોએ એવો દાવો કર્યો છે કે બીફ ખાવાની બાબત તેઓની કે બીફ ખાવાની બાબત તેઓની સંસ્કૃતિનો એક ભાગ હોવાથી તેઓને લઘુમતી સમુહના સભ્ય ગણવામાં આવે. પરંતુ સંસ્કૃતિનો વિચાર કોણ શું ખાય છે તેના કરતાં ઘણો મોટો વ્યાપ ધરાવે છે. કેવળ ખાવાની ટેવને, ખાસ કરીને એક વિશેષ પ્રકારના ભોજનને સંસ્કૃતિનો હિસ્સો સમજવામાં આવે તો કેવળ આને આધારે દેશમાં હજારો લઘુમતી સમુહો બની જશે.

ભારત એક વિશાળ દેશ છે અને તેના દરેક ભાગમાં રહેતા લોકો ભિન્ન પ્રકારનું ભોજન આરોગે છે. તેથી બંધારણમાં કોઇ વિશેષ ભોજનને સાંસ્કૃતિક લઘુમતી સાથે જોડવામા આવ્યુ નથી.આનો અર્થ કોઇ પર શાકાહારી ભોજન થોપવાનો નથી.

મહારાષ્ટ્રમાં બીફ પર પ્રતિબંધનો કાયદો અમલમાં આવ્યા બાદ ૮ મહિનામાં જ ૩૦૦થી વધુ લોકોની સામે કેસ ચલાવાયા છે.ન્યાયાધીશો અભય ઓકા અને એસ.સી.ગુપ્તાની ખંડપીઠ સમક્ષ નોધાયેલી એફીડેવીટમાં મહારાષ્ટ્ર સરકારે જણાવ્યું છે કે આ વર્ષ માર્ચમાં આ કાયદો અમલમાં મુકાયો હતો.ત્યારથી ઓકટો. સુધીમાં મહારાષ્ટ્ર એનિમલ પ્રિઝર્વેશન (સુધારિત) એકટ હેઠળ ૧૫૫ કેસો નોધાયા છે.મુંબઇમાં માત્ર બે કેસ દાખલ કરાયા છે.અને તે આ કોષ્ટકમાં સૌથી ઓછા છે જ્યારે ૫૪ કેસો સાથે અમરાવતી ટોચ પર છે.મોટાભાગના કેસો કતલ માટે બળદોનું વેચાણ અથવા તેમના પરિવહન સાથે સંકળાયેલા છે. તેમાં પાંચ વર્ષની જેલ અને ૧૭ હજાર રુપીયાનો દંડ કરવાની જોગવાઇ છે.

# પુર્વ નાણાંમંત્રી ચિદમ્બરના પુત્ર કાર્તિની ઓફીસ પર ઇડીના દરોડા

કોગ્રેસી નેતા અને ભુતપુર્વ નાણાંમંત્રી પી.ચિદમ્બરમના પુત્ર કાર્તિની ઓફીસ પર એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ(ઇડી) એ દરોડા પાડ્યા હતા.અગાઉ કિર્તીના મિત્રોની ઓફિસો પર પણ દરોડા પડાયા હતા.ચિદમ્બરમે ઇડીની ટીકા કરતાં કહ્યું કે તેમના પુત્રએ નિવેદન કર્યું છે અને અપેક્ષા મુજબ તેની પાસેથી કંઇ વાંધાજનક મળ્યું પણ નથી.આ મુર્ખ સરકાર ક્યાં સુધી આ પ્રકારે હેરાન કરતી રહેશે.તેમણે કહ્યું કે કેટલાક અધિકારીઓ બદલો લેવા આમ કરી રહ્યા છે.

અગાઉ કિર્તીએ કહ્યું હતું કે ઇડીના કેટલાક અધિકારીઓ મારી ઓફીસ પર આવ્યા હતા અને તેઓ ત્રણ ફર્મની તપાસ કરતાં હોવાનું મને કહેવાયું હતું.બે મારા મિત્રના ફર્મ હતા. ત્રીજી ફર્મ વિશે મને ખબર નથી.અધિકારીઓ લોક કરાયેલા કેટલાક રુમોનુ સર્ચ કર્યુ હતું. કીર્તીએ કહ્યું હતું કે તેમણે આર્થિક હિંત સબંધિત કોઇ તપાસ કરી ન હતી. જેને કારણે તેમને આશ્ચર્ય થયું હતું.

દિલ્હીમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના મુખ્ય સચિવની ઓફીસમાં પણ દરોડા પડાયા જેના કારણે રાજકીય ગરમી જોવા મળી હતી.કોગ્રેસના નેતાઓ અને તેમને મદદકર્તાઓને ત્યાં દરોડા પાડી સરકાર તેમને ભીંસ લેવા પ્રયત્ન કરી રહીછે.


**વિનંતી**
તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.



સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
**કેર કોમ્પ્યુટર સેન્ટર**
ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજવળ ભવિષ્ય બનાવો.
**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઇવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

# નેતાજી સુભાષચંદ્ર બોઝના પૌત્રે ભારત અને રશિયા વચ્ચેનો પત્ર વ્યવહાર જાહેર કર્યો

નેતાજી સુભાષચંદ્ર બોઝના જીવનના અંતિમ દિવસો અને તેમના મૃત્યુ સાથે જોડાયેલા ૭૦ વર્ષો જુના રહસ્ય પર પ્રકાશ ફેંકનારા દસ્તાવેજોનો નવો સેટ લંડનમાં જાહેર કરવામાં આવ્યો છે.જેમાં નેતાજીના ઠેકાણા અંગે ભારત અને રશિયા સરકારો વચ્ચે થયેલા ગુપ્ત પત્રવ્યવહારનો સમાવેશ થાય છે.બ્રિટનના સ્વતંત્ર પત્રકાર અને નેતાજીના પૌત્ર આશિષ રે દ્વારા જાહેર કરવામાં આવેલા દસ્તાવેજો એ પ્રચલિત ધારણા તરફ અંગુલી નિર્દેશ કરે છે કે નેતાજી ૧૯૪૫માં સોવિયેત સંઘ ગયા હતા જે તેમના મૃત્યુનું વર્ષ છે.

આ દસ્તાવેજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આ મહિનાના અંતમાં થનારી પ્રસ્તાવિત મોસ્કો યાત્રા પહેલાં બહાર આવ્યા છે.રેના દાવા મુજબ તેમાં તાઈવાન,જાપાન,પાકિસ્તાન, બ્રિટનના રાષ્ટ્રીય અભિલેખાગાર તથા બ્રિટિશ લાયબ્રેરીમાં પ્રકાશિત કરવામાં આવેલા દસ્તાવેજોનો સમાવેશ કરવામાં આવ્યો છે. રે એ જે સેટ જાહેર કર્યો છે તેમાં ભારતે રશિયાને પુછ્યું હતું કે શું નેતાજી ૧૯૪૫માં રશિયામાં હતા કે નહીં ?પત્રોના જવાબમાં રશિયન સરકારે તેમની પાસે નેતાજી સબંધિત કોઇ જાણકારી નહીં હોવાનો પ્રત્યુત્તર પાઠવ્યો હતો.હવે સવાલ તો એ ઉભો થાય છે કે નેતાજીના નજીકના સગાઓ પાસે એવા દસ્તાવેજી પુરાવાઓ છે કે નેતાજી ૧૯૪૫માં મૃત્યુ પામ્યા હશે તો દેશમાં નેતાજીના મૃત્યુ અંગેનું રહસ્ય ઉભુ કરીને શું કરવા ની ધારણા છે.નેતાજીના મૃત્યુ અંગે વારંવાર ફાઇલોમાં રહસ્ય છુપાયેલું છે જે વડાપ્રધાનની ઓફીસમાં સચવાયેલ છે વિગેરે વિગેરે શું છે.તેનો જવાબ સરકારે વહેલી તકે પ્રજા સમક્ષ રજુ કરવો જોઇએ.

પશ્ચિમ બંગાળમાં આવાનારી ચુંટણીઓ માટે કોઇ એવા મુદ્દાને સરકારને તલાશ હોય જેમાં મતદારોની લાગણીને એનકેશ કરી શકાય.જો કે પશ્ચિમ બંગાળના મુખમંત્રીએ એમની પાસે હતી તે બધી જ ફાઇલો પ્રજા સમક્ષ ખુલ્લી મુકી દીધી છે.તેથી હવે વધારે પડતું રહસ્ય તેમાં જણાતું નથી.

# સીરીયન લશ્કર પર અમેરિકન ગઠબંધન સેનાએ હવાઇ હુમલા કર્યા

અમેરિકાના નેતૃત્વવાળી ગઠબંધન સેનાએ પહેલી જ વાર સીરીયાની સેના પર બોંબ વરસાવ્યા હતા.સીરીયા સરકારના સમર્થક શામ એફએમ રેડિયો અનુસાર આ હવાઇ હુમલામાં સીરીયાના પુર્વી પ્રાંત દર-એ -જૌરના અયાશ ક્ષેત્રમાં સીરીયન સેનાના ત્રણ સૈનિકો માર્યા ગયા હતા.અને અન્ય ૧૩ ઘાયલ થયા હતા.સીરીયાની સરકારે આ હુમલાને એક્ટ ઓફ એગ્રેશન(ઉશ્કેરણીજનક પગલું) ગણાવ્યું છે.દર-એ-જૌર પ્રાંત ખુંખાર આતંકી સંગઠન આઇએસઆઇએસના કબજા હેઠળનો વિસ્તાર છે.અને અહીં તેલના અનેક કુવા આવેલા છે.જે તેમની આવકનો મોટો સ્રોત્ર છે.

સીરીયાની સત્તાવાર એજન્સી સના મુજબ સીરીયાની સરકારે આ હુમલાનો આકરો વિરોધ કરી સંયુક્ત રાષ્ટ્રના સેક્રટરી જનરલ અને યુએસ સીક્યુરીટી કાઉન્સીલને પત્ર લખ્યો છે.સરકારનું કહેવુ છે કે અમેરિકાના નેતૃત્વવાળી આર્મીને યુએન ચાર્ટરના ધ્યેય અને સિધ્ધાંતોની વિરુધ્ધ કાર્ય કર્યું છે.ગત સપ્ટે.થી સીરીયામાં આઇએસઆઇએસનો ખાતમો બોલાવવા ગઠબંધન સેના સૈન્યકાર્યવાહી કરી રહેલ છે.જો કે અમેરિકાએ સીરીયાના લગાવેલ આરોપોને ફગાવી દીધા હતા.તેણે મિલિટરી કેમ્પ પર થયેલા હવાઇ હુમલાની વાતનો અસ્વીકાર કર્યો હતો. અમેરિકાનું કહેવું છે કે તેમના વિસ્તારમાં એક જ હુમલો કરવામાં આવ્યો હતો જે કથિત કેમ્પથી ૫૫ કીમી.દુર છે.ગઠબંધન સેનાના પ્રવક્તા જનરલ સ્ટીવ વોરને જણાવ્યું હતું કે સીરીયાના દાવા ખોટા છે.

# જર્મન ચાન્સેલર મર્કેલ ટાઇમ પર્સન ઓફ ધ યર

૨૯ વર્ષ બાદ કોઇ મહિલાને પર્સન ઓફ ધ યરનો ખિતાબ મળ્યો છે.એન્જેલા પહેલા ૧૯૮૬માં ફિલીપાઇન્સની મહિલા રાષ્ટ્રપ્રમુખ કોરાઝન એક્વિનોને આ ખિતાબ મળ્યો હતો.એક્વિનોથી પણ પહેલા બ્રિટનની ક્વિન એલીઝાબેથ-૨(૧૯૫૨) અને વિન્ડસરની રાજકુમારી વેલીઝ સિમ્પસનને (૧૯૩૬)ને પણ આ ખિતાબ મળ્યો હતો.

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ બરાક ઓબામા સાથે પર્સન ઓફ ધ યરની રેસમાં ફ્રાંસના રાષ્ટ્રપ્રમુખ ફ્રાવા ઓલાંદે,ચીનના રાષ્ટ્રપ્રમુખ શી જિનપિંગ,અમેરિકાના ભુતપુર્વ વિદેશમંત્રી હિલેરી ક્લિન્ટન, પાકિસ્તાનની નોબેલ વિજેતા મલાલા યુસુફઝઇ, ઇલેકટ્રોનિક કાર બનાવનારી કંપની ટેસ્લાના હેડ એલોન મુસ્ક,એપલના સીઇઓ ટિમ કુક,પોપ ફ્રાંસિસ, ફેસબુકના સ્થાપક માર્ક ઝુકરબર્ગ હતા.

આ બધાને રેસમાં પાછળ છોડી દઇને ટાઇમ મેગેઝીને જર્મન ચાન્સેલર એન્જેલા મર્કેલને ૨૦૧૫ના ટાઇમ પર્સન ઓફ ધ યર તરીકે ચુંટી કાઢ્યા હતા.મેગેઝીને જણાવ્યા મુજબ મર્કેલને સીરીયન રેફ્યુજી કટોકટીને ખુલીને સપોર્ટ કરવા બદલ આ ખિતાબ આપવામાં આવ્યો છે. આશ્ચર્યની વાત એ છે કે ખુંખાર આતંકવાદી સંગઠન આઇએસ આઇએસના વડા અબુબક અલ બગદાદીને આ યાદીમાં બીજુ સ્થાન આપવામાં આવ્યું છે. તો બીજી તરફ આ રેસમાં સામેલ મોદી પી.એમ. પર્સન ઓફ ધ યરના ૮માં ફાઇનલીસ્ટમાં પણ સ્થાન બનાવી શક્યા નથી. રીડર્સ પોલમાં તેમને ૨.૭૯ટકા મત મળ્યા હતા.મર્કેલ મોદીથી ઘણા પાછળ હતા અને તેમને ૨.૪ ટકા મત મળ્યા હતા.જો કે મેગેઝિનના સંપાદકોએ મર્કેલને જ ટોપ-૮માં ચુંટ્યા હતા.બગદાદી સિવાય અમેરિકાની રાષ્ટ્રપ્રમુખની ચુંટણીમાં આગળ ચાલી રહેલા રપબ્લિક પાર્ટીના ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પ,ઇરાનના રાષ્ટ્રપ્રમુખ હસન રુહાની અને આફ્રિકી અમેરિકન લોકોને થઇ રહેલા અન્યા વિરુધ્ધ અવાજ ઉઠાવનાર એક્ટિવિસ્ટ પણ રનરઅપ રહ્યા હતા.આ ખિતાબના પ્રારંભિક દાવેદારોમાં રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના માલિક મુકેશ અંબાણી અને ગુગળના ભારતીય મુળના સીઇઓ સુંદર પીચાઇનું નામ પણ સામેલ હતું.ગત વર્ષે પણ મોદી આ દાવેદારોમાં સામેલ હતા.

# જૈન મંદિરોની મુર્તિઓની સુરક્ષા માટે જીપીએસ ટેકનોલોજીનો ઉપયોગ કરાશે

બિહારમાં જૈન ધર્મના ૨૪માં તીર્થકર ભગવાન મહાવીરની ૨૬૦૦ વર્ષ જુની મુર્તિ ચોરાઇ હતી.જો કે તે પાછળથી મળી આવી હતી.પરંતુ મુર્તિ ચોરાવાને પગલે જૈન સમુદાયમાં દુઃખની લાગણી ફેલાઇ હતી.મુંબઇમાં જૈન સમુદાયે મુર્તિઓ અને દેરાસરની સુરક્ષા માટે ત્રણ તાત્કાલિક પગલાં લેવાનો નિર્ણય કર્યો હતો.તેમણે મુર્તિ શોધી કાઢવા બદલ બિહાર પોલીસનો આભાર વ્યક્ત કર્યો હતો.જૈન સમાજે મદદની ઓફર કરી હતી.પરંતુ બંને સંસ્થાઓએ કહ્યું હતું કે તેઓ મુર્તિ પાછી મેળવશે. દેવાલયોની સલામતી માટે હવે ત્રણ ઉપાયો વિચારાયા છે.એમ જણાવાયું હતું.વિવિધ જૈન મંદિરના કેટલાક ટ્રસ્ટીઓ આ પ્રસંગે હાજર રહ્યા હતા.

દેરાસરમાં મુર્તિઓની સ્થાપના કરવા માટે વપરાતા સિમેન્ટ અથવા અન્ય કણો સાથે નાના દાણા મિક્સ કરવાનું વિચારાયું છે.મુર્તિ એક પથ્થરમાંથી ઘડાતી હોવાથી મુર્તિને કંઇ કરી શકાય નહીં. આથી સિમેન્ટ સાથે એવી કોઇ સામગ્રી મીક્ષ કરવાનું વિચારાયું હતું. જે મુર્તિના સગડ મેળવવામાં મદદરુપ બની શકે.

# સરકારની વેરભાવના સ્પષ્ટ દેખાઇ રહી છે : રાહુલ ગાંધી કોંગ્રેસ ઉપાધ્યક્ષ

નેશનલ હેરાલ્ડ કેસમાં સોનિયા ગાંધી અને રાહુલને અદાલતમાં હાજર થવાના ફરમાન બાદ કોંગ્રેસે કથિત રાજકીય દ્વેષના રાજકારણનો વિરોધ કરતાં સંસદમાં ઉગ્ર ધાંધલ મચાવી હતી જેના પગલે લોકસભા અને રાજયસભામાં વારંવાર કાર્યવાહી સ્થગિત કરવી પડી હતી.કોંગ્રેસી સભ્યો વેલમાં ધસી આવીને સરકાર વિરોધી નારા લગાવ્યાહતા.બંને ગૃહમાં કોંગ્રેસી સાંસદોએ સરકાર પર સરમુખ્યતારશાહી અને રાજકીય દ્વેષભાવનાના આરોપો મુક્તા સુત્રોચાર કર્યા હતા.

એક દિવસ માટે અદાલતમાં હાજર રહેવામાંથી મુક્તિ આપ્યા બાદ અદાલતે ૧૯મી ડિસેમ્બરે સોનિયા ગાંધી, રાહુલ ગાંધી,મોતીલાલ વોરા,ઓસ્કાર ફર્નાન્ડીઝ,સામ પિત્રોડા, અને સુમન દુબેને હાજર રહેવા આદેશ કર્યો હતો.

દિલ્હી હાઇકોર્ટે સોનિયા અને રાહુલ ગાંધીની પીટીશન ફગાવી દીધી હતી. જો કે સોનિયા ગાંધીએ પડકાર ફેંકતા જણાવ્યું હતું કે હું ઇન્દીરા ગાંધીની પુત્રવધું છું. હું કોઇથી ડરતી નથી. શા માટે મારે કોઇથી ભય પામવો જોઇએ.શુ આ રાજકીય દ્વેષથી પગલું લેવાયું નથી. તેવા સવાલના જવાબમાં સોનિયાએ જણાવ્યુ હતું કે તે નક્કી કરવાનું કામ હુ તમારા પર છોડું છું.રાહુલ ગાંધીએ કહ્યું હતું કે હું રાજકીય વેરભાવનાને સ્પષ્ટપણે જોઇ શકું છું.

સુબ્રમણ્ય સ્વામીને યેનકેન પ્રકારે રાજકારણીઓને ભીંસમાં લેવા માટે કેસો કરવાની આદત છે.રાજીવ ગાંધી સામે બોફોર્સ પ્રકરણમાં તેમનો જ હાથ હતો.બોફોર્સ પ્રકરણમાં કટકી લેનાર કોઇ હાથમાં આવ્યો નથી પરંતુ કોંગ્રેસ પક્ષનું ખેદાન મેદાન થઇ ગયું અને રાજીવ ગાંધીને સતા પરથી હટી જવું પડયુ. તેજ રીતે જયલલિતા સામેના કેસમાં અમ્માએ ગાદી છોડવી પડી પરંતુ પાછળથી તેઓ કેસમાં બરી થઇ ગયા અને પાછા ગાદી નસીન થઇ ગયા.કોર્ટોમાં લોકોને ઢસડી જઇ તેમની કારકીર્દી રગદોળવી એ સ્વામી ની કળા છે.


**ગ્લોરી કેટરીંગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

**લગ્ન વિષયક**

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત
લગ્નવિધિ કરાવનાર
**ગીડીયોન પોલ પરમાર**
(ગર્વ.મેરેજ રજીસ્ટાર)
નં. ૯, કનાન સોસાયટી,
મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯
મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬

**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**
પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

એક્સ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એક્સ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.